
જૂલાઈ ૨૦૧૩
કિંમત ₹ ૧૨/-
દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## ગુરુ શિષ્ય



# અનુક્રમણિકા


દાદાજી કહે છે... ૩
આ તો નવી જ વાત ! ૪
અમરદાસ - રામદાસ ૬
દત્તાત્રેય ૭
રામકૃષ્ણ પરમહંસ - સ્વામી વિવેકાનંદ ૮
અંધકારથી પ્રકાશ તરફ ૧૦
સહજાનંદ સ્વામી ૧૨
મહાવીરભગવાન અને ગૌતમસ્વામી ૧૪
શ્રીમદ્ રાજચંદ્ર - અંબાલાલભાઈ ૧૫
મીઠી યાદેં ૧૬
ગુરુપૂર્ણિમા ૧૮
મહાપુરુષોના વિચારો... ગુરુ માટે... ૧૯
કિડ્ઝ કેમ્પ ની ઝલક ૨૦


# ગુરુ શિષ્ય

અ ક્ર મ એ ક્સ પ્રે સ

## સંપાદકીય

બાળમિત્રો,

આપણી સંસ્કૃતિમાં લોકો એકબીજા સાથે અનેક ભાવનાત્મક સંબંધોથી સંકળાયેલા હોય છે, એમાંનો એક સંબંધ છે ગુરુ અને શિષ્ય વચ્ચેનો. ગુરુ અને શિષ્ય વચ્ચેનો સબંધ એટલે નિ:સ્વાર્થ પ્રેમનો સંબંધ, અભેદતાનો સંબંધ, આધીનતા અને સમર્પણનો સંબંધ.

આવા પવિત્ર સંબંધમાં ક્યાંય ડાઘ ન દેખાવો કે પડવો જોઈએ. એની સામે લાલબત્તી ધરતાં પરમ પૂજ્ય દાદાશ્રી કહેતા કે ગુરુમાં લક્ષ્મી અને વિષય-વિકાર સંબંધી કિંચીતમાત્ર અશુદ્ધતા ના હોવી જોઈએ. જો એ જોવામાં આવે તો ત્યાંથી ખસી જવું.

આવા પવિત્ર સંબંધના દાખલારૂપ ઘણા ઉદાહરણો આ અંકમાં દર્શાવવામાં આવ્યા છે. ગુરુની જરૂર શા માટે, સાચો શિષ્ય કેવો હોવો જોઈએ, ગરુ શિષ્યનું ઘડતર કઈ રીતે કરે છે, શિષ્યે ગુરુ પ્રત્યે કેવો ભાવ રાખવો જોઈએ વગેરેની સુંદર સમજણો નાની નાની વાર્તાઓ દ્વારા વણી લેવામાં આવી છે.

તો આવો, આ સુંદર અંકને માણીએ અને સાચા શિષ્ય થવાની પ્રેરણા મેળવીએ.

-ડિમ્પલ મહેતા


તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૫, અંક : ૧૧
સળંગ અંક :૫૯
જૂલાઈ ૨૦૧૩



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...

ગુરુ એટલે ગાઈડ, જેને આપણે અનુસરીયા કરીએ. જેનેજેને પૂછ્યું હોય, જ્યાંથી લાભ થયો હોય એ બધા ગુરુ કહેવાય.



પ્રશ્નકર્તા : એટલે જ્યાંથી કંઈ પણ પ્રાપ્તિ થાય એ આપણા ગુરુ, એમ ?

દાદાશ્રી : હા, ગુરુ એટલે તો અજવાળું કહેવાય. ગુરુની તો જ્યાં ને ત્યાં ડગલે ને પગલે જરૂર હોય. ગુરુ ના હોય તો રસ્તે ચાલતા ચાલતા સાત રસ્તા આવ્યા તો તમે કયે રસ્તે જાઓ ?

પ્રશ્નકર્તા : એ તો મન કબૂલ કરતું હોય એ રસ્તો પકડીએ.

દાદાશ્રી : ના, એ કંઈ રસ્તો ના કહેવાય, ગુરુ કરીને પૂછવું પડે કે કયે રસ્તે મારે જવું ! ગુરુ વગર સમજણ કોણ પાડે ? ગમે તે એક માણસને ગુરુ કરો તો પણ ચાલે, તમારા કરતાં મોટા હોય અને તમારું ધ્યાન રાખતા હોય ને તમને થાય કે 'મારું દિલ અહીં ઠરે છે' તો ત્યાં બેસી જજો અને તેને ગુરુ કરજો. તમારાથી મોટા છે, તો તમને ઊંચે લઈ જશે જ. શિષ્યથી પોતાથી કંઈ જ થઈ શકે નહીં. એ તો ગુરુની કૃપાથી બધું આગળ આગળ વધતું જાય. કારણ કે ગુરુની આજ્ઞા પ્રમાણે ચાલે એટલે પોતાને દુઃખ આવે નહીં.

પ્રશ્નકર્તા : ગુરુની કૃપા પ્રાપ્ત કરવા માટે શિષ્યે શું કરવું જોઈએ ?


દાદાશ્રી : કૃપાદૃષ્ટિ પ્રાપ્ત કરવી. કૃપાદૃષ્ટિ એટલે શું ? ગુરુના કહ્યા પ્રમાણે કરતો હોય એટલે ગુરુ રાજી રહે, એનું નામ કૃપાદૃષ્ટિ અને કહ્યાથી અવળું કરે એટલે નારાજ થાય. શિષ્યએ તો કૃપા પ્રાપ્ત કરવા માટે ગુરુને રાજી રાખવાના, વિનય કરવાનો. ગુરુ શિષ્યને જરાક કહે કે, તારામાં અક્કલ નથી, તો શિષ્ય જતો રહે. એ સામો થઈ જાય કે તમારું મગજ તો ચાલતું નથી ને મારા ગુરુ થઈ બેઠા છો ?

એક વાર ગુરુ કર્યા પછી તે ગુરુ માટે જરાય ભાવ બગાડવો ના જોઈએ. એટલે સાચવવું જોઈએ, બસ. ગુરુની ખોડ કાઢવાની ના હોય, એ તો બહુ મોટી જોખમદારી છે. નહીં તો ગુરુ કરશો જ નહીં. શિષ્ય કોને કહેવાય ? કે એના ગુરુ ગાંડા કાઢે તોય શ્રદ્ધા ઊઠે નહીં, એનું નામ શિષ્ય કહેવાય ! તમને કેમ લાગે છે ?



પ્રશ્નકર્તા : બરોબર છે, ગુરુની કોઈ દિવસ ભૂલ ના કાઢવી જોઈએ !

દાદાશ્રી : હા, એટલે જો એવાં ખરાબ વિચાર આવે કે 'આ નાલાયક છે ને આવા ખરાબ છે' તો ત્યારે તારે બોલવું કે બહુ ઉપકારી છે. એની પાસે કંઈકેય લીધું હતું ને, આપણે ? કંઈક હેલ્પ થઈ હશે ને ? એણે તમને એકાદ પગથિયું તો ચઢાવ્યા હશે, માટે તમારે એનો ઉપકાર માનવાનો. એક આટલોય ઉપકાર કર્યો હોય, ને ભૂલે, એ માણસ ખરો કહેવાય નહીં. કોઈએ એક ચાનો પ્યાલો પીવડાવ્યો હોય ને, તો એને ભૂલે નહીં. મન 'ખરાબ છે' બોલ્યા કરે તો તારે 'બહુ ઉપકારી છે' એમ બોલવું. એટલે પ્લસ - માઈનસ થઈને ખલાસ થઈ જશે.



દાદાશ્રી કહેતા કે,
અમે આખા જગતના
શિષ્ય થવાની
દૃષ્ટિવેદી
ત્યારે અમને જ્ઞાની
પદ પ્રાપ્ત થયું છે.

# આ તો નવી



તમે જેને સમર્પણ થાઓ,
તેનામાં જે તાકાત હોય એ
આપણને પ્રાપ્ત થઈ જાય.
સમર્પણ કર્યું એનું બધું
આપણને પ્રાપ્ત થાય,
જેમ એક ખાલી ટાંકીને પાઈપ
વડે ભરેલી ટાંકી સાથે જોઈન્ટ કરીએ
તો ખાલી ટાંકીમાં પાણીનું
લેવલ પકડાઈ જાય..
એ સમર્પણ ભાવ એના જેવું કહેવાય



જેની પાસેથી કંઈ પણ શીખવા મળ્યું
એ બધા ગુરુ કહેવાય.



આ કૂતરામાંથીય શીખવાનું મળે છે, એટલે આ કૂતરા પણ ગુરુ કહેવાય. કૂતરું દોઢકલાકથી બેસી રહ્યું હોય પણ જો ખાવાનું આટલું બધું નાખીએ, તોય એ ખવાય એટલું જખાય ને બીજું બધું રહેવા દઈને ચાલ્યું જાય. એ કંઈ પરિગ્રહ બાંધતું જાય નહીં, કે 'લાવ, હું થોડું સાથે લઈ લઉં, સાંજે નહીં મળે તો!'





## વાત !



પુસ્તકો પાસે શીખો છો, એ પુસ્તકોનાં આધારે તમને લાભ થયો. કોઈ પુસ્તકે આપણને માર્ગદર્શન આપ્યું, તો એ ગુરુ કહેવાય.

## જ



આ ઝાડ પાસે પણ જાણવાનું મળે. આ આંબા ને આપણે શું કરીએ છીએ ? કેરી ખાવાને માટે એને ઝૂડીએ છીએ તોય એ ફળ આપે છે, માર ખાઈને પણ ફળ આપે છે ! એટલો એમનો ગુણ જો આપણામાં આવી જાય તો કેટલું સરસ કામ થાય ! એને જો આપણે ગુરુ માનીએ તો એનો ગુણ આપણામાં આવે.

# અમરદાસ - રામદાસ

શીખ ગુરુ અમરદાસની ઉંમર થઈ ત્યારે તેમણે પોતાના ઉત્તરાધિકારીની નિમણૂક કરવાનું નક્કી કર્યું પણ એ પદ કોને સોંપવું ? એ વિટંબણા એમને થઈ રહી હતી અને તેથી તેમણે પોતાના બધા જ શિષ્યોની પરીક્ષા લેવાનું નક્કી કર્યું.

પોતાના બધાજ શિષ્યોને ભેગા કરીને તેમણે સૌને માટીના ઓટલા બનાવવા કહ્યું. સૌએ ગુરુની આજ્ઞા પ્રમાણે ઓટલા બનાવ્યા. કાર્ય પત્યું, એટલે ગુરુએ બધા શિષ્યોના ઓટલાનું નિરીક્ષણ કર્યું અને કહ્યું, ''આ ઓટલાઓ મારી અપેક્ષા પ્રમાણે નથી બન્યા, આમને ભાંગી અને ફરી બીજા બનાવો.''

શિષ્યોએ ગુરુના કહ્યા પ્રમાણે કર્યું. ત્યાર બાદ ગુરુએ કહ્યું , ''મને લાગે છે કે આ જગ્યા, ઓટલાઓ માટે યોગ્ય નથી. તમે પેલા ખૂણામાં બનાવો.''

શિષ્યોએ ગુરુના કહ્યા પ્રમાણે કર્યું પણ ગુરુને ફરીથી જગ્યા પસંદ ના પડી અને તેમણે શિષ્યોને બીજી જગ્યાએ બનાવવાનું કહ્યું.

આ સાંભળી અમુક શિષ્યો છંછેડાઈ ગયા. ''ગુરુ બાવલા થઈ ગયા છે'', એમ વિચારીને અમુક શિષ્યો કામ છોડીને ચાલ્યા ગયા, જે થોડા ઘણા શિષ્યો બચ્યા હતા, એમનું કામ પણ ગુરુએ ઘણી વાર અસ્વીકાર કર્યું. આખરે બધા જ શિષ્યો કંટાળીને ગુરુએ સોંપેલું કામ છોડીને ચાલ્યા ગયા, સિવાય કે એક શિષ્ય. આ શિષ્યનું નામ હતું રામદાસ.



રામદાસ નિષ્ઠાથી ગુરુની આજ્ઞાનું પાલન કરતા હતા. ગુરુ પ્રત્યે સહેજે પણ અવળો ભાવ કર્યા વગર તેઓ ગુરુના કહ્યા પ્રમાણે ઓટલા બનાવતા હતા. બીજા શિષ્યો રામદાસની મશ્કરી કરવા લાગ્યા, ''મૂરખ ! આ ગુરુ તો ગાંડા થઈ ગયા છે, એમને રાજી કરવા આટલી મહેનત કેમ કરે છે ?''

''ભાઈઓ, દુનિયા તો આંધળી છે. કેવળ સદગુરુ જ સાચી રાહ જોઈ શકે છે અને ચીંધી શકે છે અને દુનિયામાં કોઈની પણ પાસે ડહાપણ હોય તો એ કેવળ સદ્‌ગુરુ પાસે જ છે'', રામદાસે ખૂબ નમ્રતાથી એમના સહાધ્યાયીઓને કહ્યું.

રામદાસનો જવાબ સાંભળી એમની ટીકા કરતા અમુક સહાધ્યાયીઓ બોલ્યા, ''ગુરુની સાથે સાથે આ પણ ગાંડો થઈ ગયો લાગે છે.''

આ સાંભળી કડક શબ્દોમાં રામદાસ બોલ્યા, ''તમારે લોકોએ મારા માટે જે અવળું સવળું બોલવું હોય તે બોલવાની છૂટ છે પણ સદ્‌ગુરુ માટે એક પણ અવળો શબ્દ હું નહીં ખમી શકું. જો ગુરુની આજ્ઞા હોય તો હું આખી જિંદગી રાજી રાજી ઓટલાઓ બનાવીશ. ગુરુની આજ્ઞા એ જ મારું સર્વસ્વ છે. એ જ મારો ધર્મ છે.''

આમ, રામદાસે રાજી રાજી કુલ સિત્તેર વાર ઓટલાઓ બનાવ્યા. આખરે ગુરુએ એમને કહ્યું, ''બસ, રામદાસ હું તમારી આધીનતા અને આજ્ઞા પાલનથી ખૂબ રાજી થયો છું. ગુરુની આજ્ઞાનું નિષ્ઠા અને શ્રદ્ધાથી પાલન કરવું એ જ શિષ્યનું સૌથી પહેલું કર્તવ્ય છે અને રામદાસે આ કર્તવ્ય ખૂબ દિલથી પૂરું કર્યું છે. આથી હું રામદાસની મારા સ્થાને નિમણૂક કરું છું.''

અને આમ ગુરુ રામદાસ, ૩૦ ઓગસ્ટ, ૧૫૭૪ ના દિવસે ચોથા શીખ ગુરુ બન્યા.



# દત્તાત્રેય

દાદાજી કહે છે કે શિષ્યભાવ બધેય રાખવો. આખા જગતના જીવમાત્રને ગુરુ કરવા જોઈએ. કારણ કે બધાની પાસેથી જાણવાનું હોય છે. દત્તાત્રેયે પણ આવો જ શિષ્યભાવ રાખ્યો હતો. એમણે પોતાના જીવનમાં ચોવીસ ગુરુઓ કરેલા. જાણો છો એ ગુરુઓ કોણ હતા ? એમના ગુરુઓની યાદીમાં સમાવેશ થાય છે પૃથ્વી, પવન, જળ, બાળક, મધમાખી વગેરે... તો ચાલો આપણે જાણીએ કે દત્તાત્રેય એમના ગુરુ પાસેથી શું શીખ્યા ?

દત્તાત્રેય જ્યારે નાના હતા, ત્યારે એક રાજા એમના આશ્રમમાં આવ્યા. દત્તાત્રેયના માતા-પિતા એ વખતે આશ્રમમાં ઉપસ્થિત નહોતા, એટલે દત્તાત્રેયે જ રાજાને આવકાર્યા. દત્તાત્રેયના મોઢા પરનું તેજ જોઈને રાજાને લાગ્યું કે આ બાળક એકદમ પ્રતિભાશાળી છે અને એમણે દત્તાત્રેય સાથે વાર્તાલાપ શરુ કર્યો.

રાજા : પુત્ર, તું તારા માતા-પિતા પાસે અભ્યાસ કરે છે ?

દત્તાત્રેય : હું તો બધેથી જ શીખું છું. કેવળ માતા-પિતા પાસેથી જ નહીં.

રાજા : તો તારે કોઈ ગુરુ છે ?

દત્તાત્રેય : હા, મારે ચોવીસ ગુરુઓ છે, એમાંથી કેટલાક હું તમને કહું.

પૃથ્વી માતા મારા ગુરુ છે, અમણે મને શીખવ્યું કે જે મને ચગદે કે કચડે એમને પણ હું પ્રેમથી સંઘરું અને એમની જેમ સૌને આધાર આપું.





જળ પણ મારો ગુરુ છે, જળ જેને અડે એને ચોખ્ખું કરે અને જે જળ પીવે એને જીવન મળે. જળ ક્યારેય રોકાય નહીં, એ વહ્યા જ કરે. એમ જીવનમાં આગળ વધતા રહેવું જોઈએ.



પવન એ પણ મારો ગુરુ છે, પવન, ફૂલ કે કાંટાની વચ્ચે ભેદ રાખ્યા વગર બંને પર એક સરખો જ વહ્યા કરે છે. પવનની જેમ, મારે પણ કોઈની વચ્ચે ભેદભાવ રાખ્યા વગર સૌને તાજગી આપવી છે.



બાળક પણ મારો ગુરુ છે, બાળકને જ્યારે ભૂખ લાગે ત્યારે એ રડે પણ જ્યારે એનું પેટ ભરાઈ જાય, ત્યારે માતા કેટલું પણ કહે તો પણ એ વધારે દૂધ ન પીએ. જરૂરિયાત પૂરતું જ માંગવું અને એથી વધારે ક્યારેય ના માંગવું, એ હું બાળક પાસેથી શીખ્યો છું.



મધમાખી પાસેથી પણ હું શીખ્યો છું, એટલે એ પણ મારી ગુરુ છે, મધમાખી ભારે મહેનતપૂર્વક કેટલી બધી જગ્યાએથી મધ એકઠું કરે છે પણ થોડું વાપરે છે અને બાકી બધું અન્યો સાથે વહેંચી દે છે. એમ હું પણ બધેથી વિદ્યા ગ્રહણ કરીશ અને મારી વિદ્યા બધા સાથે વહેંચવા માટે હંમેશાં તત્પર રહીશ.

તો જોયું બાળકો, દત્તાત્રેય શિષ્ય ભાવ રાખી પોતાની નિરીક્ષણ શક્તિ વડે કેટલું બધું શીખ્યા !

# રામકૃષ્ણ પરમહંસ - સ્વામી વિવેકાનંદ

"મહાશય, શું આપે ઈશ્વરને જોયો છે ?" ઉત્કંઠાથી પૂછી રહેલા નવયુવકની સામે મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરે નજર કરી.

"મહાશય, શું આપે ઈશ્વરને જોયો છે ?" ઈશ્વરને જોવાની તીવ્રતમ ઝંખનાથી ભરેલા વ્યાકુળ હૃદયમાંથી ફરીથી એ જ પ્રશ્ન પૂછાયો.

આવા એકાએક પૂછાયેલા પ્રશ્નથી સ્તબ્ધ બની ગયેલા મહર્ષિ તરફથી કોઈ ઉત્તર ન મળતાં ફરીથી ત્રીજી વાર યુવાને એ જ ઉત્કંઠાથી પ્રશ્ન પૂછ્યો. ત્યારે મહર્ષિએ તેને કહ્યું, "બેટા, તારી આંખો તો યોગી જેવી છે."


"અરે, મારા પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે આ તો મારી પ્રશંસા કરી રહ્યા છે ! શું અનેક મહાત્માઓની જેમ આમની પાસે પણ મારા પ્રશ્નનો ઉત્તર નથી ?" આમ વિચારી એ યુવાન ત્યાંથી ચાલ્યો ગયો. એ યુવાન હતા નરેન્દ્રનાથ દત્ત (સ્વામી વિવેકાનંદ).

આ બનાવ વખતે તેઓ કોલેજના પહેલા વર્ષમાં ભણતા હતા. ભક્તિમતી માતાએ આપેલા બાળપણના સંસ્કારોના પરિણામે એમના અંતરમાં ઈશ્વરના દર્શન કરવાની પ્રબળ ઈચ્છા જાગી હતી. આથી ઘણા સાધુ મહાત્માઓને તેમણે આ પ્રશ્ન પૂછ્યો હતો પણ અત્યાર સુધી કોઈએ તેને કહ્યું નહોતું કે 'હા, મેં ઈશ્વરને જોયા છે.'

એ દરમિયાન એક દિવસ કોલેજમાં અંગ્રેજીનો વર્ગ ચાલતો હતો. પ્રિન્સિપાલ વિલિયમ હેસ્ટી અંગ્રેજીની કવિતા સમજાવી રહ્યા હતા. વાત વાતમાં તેમણે શ્રી રામકૃષ્ણ પરમહંસની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિનો ઉલ્લેખ કર્યો.

આ સાંભળીને નરેન્દ્રના મનમાં ઝબકારો થયો કે આવા મહાત્માના દર્શન કરવા અને પોતાના પ્રશ્નનો ઉત્તર એમની પાસેથી મેળવવો. રામકૃષ્ણ પરમહંસ સાથેની પહેલી મુલાકાતમાં નરેન્દ્રએ એક સુંદર ભજન ગાયું. નરેન્દ્રનું સુંદર ભજન સાંભળીને રામકૃષ્ણ પરમહંસ ભાવ વિભોર થઈ ગયા, તેઓ એમના ભાવિ શિષ્યને ઓળખી ગયા અને ખૂબ ભાવપૂર્વક નરેન્દ્રને પૂછ્યું, "નરેન, આજ સુધી તુ ક્યાં હતો ? હું ક્યારનો તારી રાહ જોઉં છું'





નરેન્દ્રને રામકૃષ્ણ પરમહંસની વાતમાં કંઈ સમજણ ના પડી પણ છતાંય તેઓ શ્રી રામકૃષ્ણનું નિરીક્ષણ કરતા રહ્યા. પછી હૃદયમાં અત્યાર સુધી સળગતો રહેલો પ્રશ્ન પૂછી જ નાંખ્યો. "મહાશય, શું આપે ઈશ્વરને જોયો છે ?" અને એમના આશ્ચર્ય વચ્ચે જવાબ મળ્યો "હા, મેં ઈશ્વરને જોયો છે અને જેવી રીતે હું તને જોઉં છું, તેવી જ રીતે ઈશ્વરને પણ જોઉં છું."

આ સાંભળીને નરેન્દ્ર સ્તબ્ધ બનીને શ્રી રામકૃષ્ણને જોઈ જ રહ્યા. તેમણે જોયું કે એ વાણીમાં કોઈ દંભ નહોતો. પ્રભાવ પાડવાની કોઈ વૃતિ નહોતી. એ તો સાવ સરળ રીતે બોલી રહ્યા હતા. ત્યાં તો રામકૃષ્ણે આગળ કહ્યું, "જેવી રીતે હું તને જોઉં છું અને તારી સાથે વાત કરું છું, એ જ રીતે ઈશ્વરની સાથે પણ વાત કરી શકાય." આ વળી સાવ નવી જ વાત નરેન્દ્રએ સાંભળી ! અહીં તો ભગવાનને જોવાની કે એમના દર્શન કરવાની જ વાત નથી પણ એમની સાથે વાત પણ કરી શકાય એ વાત છે !

આશ્ચર્ય અનુભવતા નરેન્દ્ર બધું સાંભળી રહ્યા. "હા, ઈશ્વરની સાથે વાત જરૂર કરી શકાય પણ એવી દરકાર કોણ કરે છે ? લોકો સ્ત્રી, પુત્ર, ધન, સંપત્તિ માટે આંસુની નદીઓ વહેવડાવે છે પણ ઈશ્વરને માટે કોણ એમ કરે છે ? જો કોઈ મનુષ્ય સાચા દિલથી આંસુ સારે તો એને ઈશ્વરના દર્શન અવશ્ય થાય." આ વાક્યોની નરેન્દ્રના મન ઉપર ભારે અસર થઈ. જાણે આ જ વાણીને સાંભળવા તેનું હૃદય વર્ષોથી ઝંખી રહ્યું હતું. તેમને થયું કે "આખરે જીવનમાં પહેલી વાર મને એક એવો મહાપુરુષ મળ્યો કે જે હિંમતભેર કહી શકે કે હા, મેં ઈશ્વરને જોયો છે." પછી તો શ્રી રામકૃષ્ણની પવિત્રતા, સચ્ચાઈ, ત્યાગ અને ઈશ્વર સાથેની તન્મયતાથી પ્રભાવિત થઈને નરેન્દ્રનાથ શ્રી રામકૃષ્ણના વધુ ને વધુ સંપર્કમાં આવતા થયા અને તેમણે આવા પરમપુરુષના ચરણોમાં પોતાનું સંપૂર્ણ સમર્પણ કરીને તેમને ગુરુ તરીકે સ્વીકાર્યા.

એક વખત સ્વામી રામકૃષ્ણના બે શિષ્યો વચ્ચે વિવાદ જાગ્યો. એમનો સવાલ હતો કે "બેમાંથી મોટું કોણ ?" અંતે સમાધાન મેળવવા તે ગુરુ પાસે પહોંચ્યા ને કહ્યું, "અમારા વચ્ચે મતભેદ ઊભો થયો છે કે અમારા બેમાંથી મોટું કોણ ?"

પરમહંસ હસીને બોલ્યા, "આ તો સાવ સહેલી વાત છે, તમારામાંથી જે બીજાને મોટો સમજે એ જ મોટો છે." ગુરુદેવના જવાબથી બન્નેની ચર્ચાનું સ્વરૂપ બદલાઈ ગયું. હમણાં સુધી 'હું મોટો...હું મોટો... કરતાં હતા હવે તે જ શિષ્યો 'તુ મોટો...તુ મોટો...' કહેવા લાગ્યા.

કોઈની પણ તકરાર સહજમા મિટાવી દે અને તેની દ્રષ્ટિ બદલાવી દે એવી જબરજસ્ત સૂઝ એમનામાં હતી.

# અંધકારથી પ્રકાશ તરફ

*''મા*રી જિંદગીમાં વધારેમાં વધારે મહત્વનો દિવસ એ છે કે જે દિવસે મને મારા શિક્ષિકા મિસ સલિવન મળ્યાં.'' આ શબ્દો છે વિશ્વ પ્રખ્યાત હેલન કેલરના.

હેલન કેલરનું જીવન એક પ્રેરણા છે પણ એમના અંધકારમય જીવનને પ્રેરણા દાયક બનાવવામાં સૌથી મોટો ફાળો એમની શિક્ષિકા મિસ એની સલિવનનો છે. આજે એની સલિવનની ગણતરી જગતના ઉત્તમશિક્ષકોમાં થાય છે. તો ચાલો મિત્રો, આપણે હેલન કેલર અને એમની શિક્ષિકા એની સલિવન વિષે જાણીએ.

હેલન જ્યારે ૧૯ મહિનાના હતા, ત્યારે એક ગંભીર બિમારીને કારણે એમને અંધાપો અને બેહરાશ આવી ગયા. આટલી નાની વયે તેઓ એક અંધકારની કેદમાં પટકાઈ ગયા પણ જ્યારે એમના શિક્ષિકા એની સલિવનનો એમના જીવનમાં પ્રવેશ થયો, ત્યારે તેમને આ કેદમાંથી મુક્તિ મળી.

માર્ચ ૩, ૧૮૮૭ના દિવસે મિસ સલિવને પહેલી વાર છ વર્ષની હેલનને જોઈ. મિસ સલિવન જ્યારે હેલનને મળ્યા, ત્યારે હેલન એક હઠીલી, જિદ્દી અને અશિસ્ત બાલિકા હતી. જોઈ કે સાંભળી ના શકવાને કારણે, તે બોલી પણ નહોતી શકતી. એટલે દુનિયા સાથે સંપર્કનું એની પાસે કોઈ માધ્યમ નહોતું. ભાષા જેવું કંઈ હોય એવી પણ એને ખબર નહોતી અને આથી તે ખૂબ વ્યગ્રતા, વ્યાકુળતા અને હતાશા અનુભવતી.

હેલનને જોઈને મિસ સલિવનને ખ્યાલ આવી ગયો હતો કે ગુરુ તરીકે હેલનની કેળવણીનું કાર્ય કેટલું કઠિન છે પણ એમણે મનમાં નક્કી કર્યું કે, તેઓ પીછેહઠ નહીં કરે અને આ કાર્ય સફળતાપૂર્વક પૂરું પાડશે જ. ઉઘાડી નહોતી છતાંય મિસ સલિવનને હેલનની સુપ્ત શક્તિની ઓળખાણ પડી ગઈ હતી.

એક દિવસ સવારે મિસ સલિવન હેલનને પોતાના ઓરડામાં લઈ ગયાં અને એને એક ઢીંગલી આપી, થોડો વખત હેલન ઢીંગલી સાથે રમી. પછી મિસ સલીવને ધીમેથી હેલનના હાથમાં ''ઢીં...ગ...લી'' શબ્દ લખ્યો. એમ આંગળીઓથી રમવામાં હેલનને મજા પડી અને એ તેનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરવા લાગી પણ એને એવી ખબર નહોતી પડતી કે, એ શબ્દની જોડણી લખતી હતી, અથવા તો શબ્દો જેવી કોઈ વસ્તુ હોય. એ તો વાંદરાની પેઠે, વગર સમજ્યે, માત્ર નકલ કરતી હતી.



ફરી એક દહાડો, જ્યારે હેલન એની નવી ઢીંગલી જોડે રમતી હતી ત્યારે મિસ સલિવને ચીંથરાંની બનાવેલી મોટી ઢીંગલી એના ખોળામાં મૂકી અને 'ઢીં..ગ..લી' એમ લખ્યું. અને 'ઢીંગલી' શબ્દ એ વસ્તુને લાગુ પડે છે એમ સમજાવવા પ્રયત્ન કર્યો પણ હેલનને સમજણ નહોતી પડતી અને એ ચિડિયલ થઈ ગઈ. છતાં મિસ સલિવન ધીરજપૂર્વક પોતાના ચાતુર્યથી હેલનને સમજાવવાના પ્રયત્નો કરતા જ રહ્યા.

તેઓ હેલનને બહાર લઈ ગયા અને પાણીની ધાર નીચે એનો એક હાથ લઈને ધર્યો. અને સાથોસાથ બીજા હાથ પર તેમણે 'પાણી' શબ્દની જોડણી લખી. શરૂઆતમાં ધીમે ધીમે લખી. પછી એ ઝપાટાબંધ લખવા લાગ્યાં. બધું ધ્યાન એમની આંગળીઓના હલનચલન પર

એકાગ્ર કરીને હેલન સ્તબ્ધ ઊભી હતી.

અચાનક જ ત્યારે એને ભાષાનું ગૂઢ રહસ્ય સમજાયું. તે વખતે એને ખબર પડી કે 'પા..ણી' નો અર્થ એના હાથ પરથી વહેતો ઠંડો પદાર્થ. તે દિવસે હેલને અત્યંત મુક્તતા અનુભવી. વસ્તુમાત્રને નામ હતું. એ ત્યારે એને સમજાયું અને બધી જ વસ્તુઓના નામ જાણવાની આતુરતા એના મનમાં જાગી. તે દિવસે તે ઘણા નવા શબ્દો શીખી. છ વર્ષમાં પહેલી વાર એને થયું કે ક્યારે નવો દિવસ ઊગે!

હેલનની નવું શીખવાની આતુરતા અને મિસ સલિવનની ક્ષમતાને કારણે થોડા જ મહિનાઓમાં હેલન લગભગ ૬૦૦ શબ્દ, ગણિતના પાડા અને બ્રેલ (અંધ લોકોની લખવાની લિપિ) શીખી ગઈ અને પછી મિસ સલિવનની મદદથી હેલને કોલેજની પદવી પણ મેળવી. હેલન પહેલી એવી અંધ-બહેરી વ્યક્તિ છે, જેણે આ પદવી મેળવી. દુનિયાભરમાં હેલનની ખ્યાતિ ખૂબ ફેલાઈ. થોમસ એડીસન, એલેક્સેનડર, ગ્રાહમબેલ અને માર્ક ટ્વેન જેવા પ્રખ્યાત અને નામાંકિત સાયન્ટિસ્ટ અને લેખકો સાથે પણ હેલનની મુલાકાત થઈ.

આ બધું શિક્ષિકા મિસ સલિવનની મદદ વગર શક્ય જ નહોતું. હેલને પોતાની આત્મકથા લખી છે જેમાં પોતાના ગુરુ પ્રત્યે આભાર વ્યક્ત કરતાં તેઓ કહે છે :

"શરૂઆતમાં હું અનેક સુપ્ત શક્તિઓનો સમૂહ માત્ર હતી. મારા ગુરુજીએ તે બધી જાગ્રત કરી અને ખીલવી, તે આવ્યા એટલે મારી આસપાસની બધી ચીજો અર્થપૂર્ણ બની. એ આવ્યા ત્યારથી એકપણ વાર એમણે વસ્તુમાત્રમાં રહેલી સુંદરતા મને બતાવવાની તક જતી નથી કરી અને મારા જીવનને મધુર ને ઉપયોગી બનાવવા તેઓ તન-મનથી સતત મથ્યાં છે.

મારી કેળવણીના આરંભના વર્ષો આવાં સુંદર વીતવાનું કારણ મારા ગુરુજીની પ્રતિભા, તેમની અવિરત સહાનુભૂતિ અને વહાલભર્યું ચાતુર્ય હતાં. આટલા બધા ઉલ્લાસ અને આનંદથી હું જ્ઞાન ગ્રહણ કરતી એનું કારણ એ હતું કે, તે કંઈ ઘડીએ આપવું યોગ્ય છે એ વિચારીને તે ચાલતાં. મારા ગુરુજી અને હું એટલા નિકટ છીએ કે એમનાથી અલગપણે હું મારે વિશે વિચાર જ નથી કરી શકતી. જે કાંઈ ઉત્કૃષ્ટ મારામાં છે, તે એમનું જ છે."

જોયું, મિત્રો ગુરુ અને શિષ્યનું કેવું અદ્ભુત ઉદાહરણ ! દૃઢ નિશ્ચય અને નિષ્ઠા રાખીએ તો કશું અશક્ય છે?





# સહજાનંદ સ્વામી

દાદાજી કહે છે કે, સહજાનંદ સ્વામી સાચા ગુરુ થયેલા. સહજાનંદ સ્વામીએ પોતાના ગુરુ રામાનંદ સ્વામી પાસે માંગેલું કે 'મારો એકપણ શિષ્ય અન્ન-વસ્ત્ર વગર ના રહેવો જોઈએ. ભક્તોનું દુઃખ મને આવે પણ ભક્ત દુઃખી ના થાય.'

ચાલો, આપણે આવા મહાન ગુરુ, સહજાનંદ સ્વામી વિષે થોડું જાણીએ. પોતાના ભક્તોના શ્રેયની સહજાનંદ સ્વામીએ સતત ખેવના કરેલી. તેઓ જાતે ભીડો વેઠીને, ઘસાઈને ભક્તોને વ્યવહારમાં મદદ કરતા અને એમના સાચા સગા બની રહેલા.

સહજાનંદ સ્વામી પોતાના ભક્તોમાં 'મહારાજ' તરીકે ઓળખાતા. મયારામ ભટ્ટ નામે મહારાજના એક જૂના શિષ્ય હતા. મહારાજ જ્યારે એક ગામથી બીજે ગામ વિહાર કરી રહ્યા હતા ત્યારે મયારામ ભટ્ટે મહારાજ સમક્ષ તેમની સાથે જવા ઈચ્છા દર્શાવી પણ સાથે હાથ જોડીને મુશ્કેલી વર્ણવતા કહ્યું : 'પણ મહારાજ ! મારી સાઠ વીઘાની વાડીમાં બાજરો ભરપુર થયો છે, તે લણવાનો બાકી છે.' આ સાંભળી મહારાજ આખા સંઘને લઈને એમને ગામ પધાર્યા. ત્યાં દાતરડાં મંગાવીને મહારાજે બધા સંતો, ભક્તોને દાતરડાં આપ્યાં અને પોતે પણ દાતરડું હાથમાં લીધું. ભટ્ટજીનો સાઠ વીઘાનો બાજરો લણી લીધો અને એમની મુશ્કેલી ટાળી.

દુષ્કાળ પડવાનો હતો ત્યારે મહારાજે ભક્તોને પહેલેથી જ ચેતવી દીધા હતા. ભક્તોને આ વિષે સંદેશો આપવા પોતે જાતે ઘોડા પર બેસીને એકલા જ નીકળી પડ્યા. કોઈ ઠેકાણે ઝાઝું રોકાતા નહીં અને ગામેગામ તથા ઘરે-ઘરે ફરીને ભક્તોને સાવચેત કરતાં કહેતા, 'મહાભયંકર દુષ્કાળ પડવાનો છે, તો દાણાનો સંઘરો અત્યારથી જ કરવા માંડજો. ઘરમાં નાણાં ન હોય તો ઘરવખરી વેચી નાંખજો. ઢોર, બળદ, ઘોડા જે કાંઈ હોય તે વેચીને નાણામાંથી અનાજ લઈ લેજો.'

આવી રીતે ભક્તોને અગાઉથી ચેતવીને કે અન્ય દ્વારા સહાય કરીને મહારાજે કપરા કાળમાં રક્ષા કરી હતી. આમ મહારાજ પોતાના ભક્તોની સંપત્તિની, દેહની અને જીવની પણ રક્ષા કરતા.

એકવાર મહારાજ જેતલપુરમાં એમના એક ભક્તને ત્યાં જમવા જતા હતા. સાથે ચાલતા સંતો (ભક્તો) કીર્તન ગાઈ રહ્યા હતા, મહારાજ પણ સાથે સાથે તાળી વગાડી ગાતા હતા. ભાદરવાનો તાપ હતો એટલે એમના એક ભક્ત ભગુજીએ મહારાજને માથે છત્ર ધર્યું હતું, મહારાજે એક બે વખત છત્ર હાથે કરીને દૂર કર્યું છતાં



ભગુજીએ તે જોરથી પકડી રાખ્યું. મહારાજ થોડું આગળ ચાલ્યા અને એકદમ ઊભા રહ્યા. પછી મહારાજે ભગુજીને ઠપકો આપતાં કહ્યું : "સંતો બધા તડકામાં ચાલે છે અને અમારા ઉપર છત્ર શીદ ધરો છો ?"

આમ, ભક્તવત્સલ સહજાનંદ સ્વામી પોતાનું ગુરુપણું મૂકીને હંમેશાં દૂધમાં સાકરની જેમ પોતાના ભક્તોમાં ભળી જતા.

તેઓ અંતકાળે પણ પોતાના ભક્તોને ભૂલ્યા નહીં અને એમની બધી મનોકામનાઓ પૂર્ણ કરી. સં. ૧૮૮૬માં મહારાજ ખૂબ જ બિમાર થઈ ગયા હતા, બધી જ ક્રિયા પથારીમાં જ કરતા અને કાંઈ ખાતા-પીતા કે બોલતા-ચાલતા પણ નહીં. એ વખતે રોજકા ગામમાં રહેતા એમના એક ભક્ત કાકાભાઈ પણ બિમાર હતા. તેમણે મહારાજને પત્ર લખીને જણાવ્યું કે 'હે જીવનપ્રાણ ! આપનાથી બની શકે તો મને છેલ્લાં દર્શન દેવા પધારજો.' પોતાના ભક્તની આ વિનંતીને વશ થઈ મહારાજ પોતાની માંદગીને અવગણીને રોજકા પધાર્યા અને બે દિવસ ત્યાં રહીને કાકાભાઈનો ભાવ પૂરો કર્યો.

આવા સમર્થ ગુરુનું શિષ્ય વૃંદ પણ એવું જ સમર્પિત હતું. પોતાના ગુરુનો રાજીપો મેળવવા, ટાઢ-તડકો, ભૂખ-તરસ કે માન-અપમાનનો વિચાર કર્યા વગર શિષ્યો એમની પ્રત્યેક આજ્ઞાનું પાલન કરતા અને પોતાના શિષ્યોની ગુરુ ભકિત અને પ્રેમ જોઈ મહારાજે તેમને કહ્યું હતું : 'સંતો ! તમારો અમારા પ્રત્યેનો પ્રેમ જોઈ અમારું અંતર દ્રવી જાય છે. તમે દેશદેશમાં ફર્યા. અપમાન, તિરસ્કાર, માર સહન કર્યાં છતાં અમારું સ્વરૂપ ઓળખવામાં તમે પાછા ન પડ્યા, તમને અમે અનેક પ્રકારે તાવ્યા. આકરાં વ્રતો આપ્યાં, ટાઢ-તડકો-વરસાદ સહન કરાવ્યાં છતાં તમારો અમારા પ્રત્યેનો પ્રેમ ન તૂટ્યો, તમારી આ દઢતા જોઈ અમારું મસ્તક તમને નમી પડે છે. તમારા ચરણની ધૂળ લેવા તત્પર બની જાય છે !'

આમ ઈતિહાસમાં આવા સમર્થ ગુરુ અને એમને સમર્પિત થયેલા શિષ્યોનો સંબંધ સુવર્ણ અક્ષરે કોતરાઈ ગયો છે !





# મહાવીર ભગવાન અને ગૌતમ સ્વામી

ગૌતમ સ્વામી, મહાવીર પ્રભુના પ્રથમ શિષ્ય હતા. એમને પ્રભુ પ્રત્યે ખૂબ રાગ હતો. પ્રભુનો વિરહ એમનાથી સહન થતો નહોતો. પોતાનો નિર્વાણ સમય નજીક જાણી પ્રભુ મહાવીરે ગૌતમ સ્વામી માટે એક ખટપટ કરી.

એમણે ગૌતમ સ્વામીને આજ્ઞા કરી કે, બાજુના ગામમાં જઈને એક શ્રાવકને ધર્મ ઉપદેશ આપી આવો. ભગવાનની આજ્ઞા ગૌતમ સ્વામી માટે બ્રહ્મ વાક્ય જેવી હતી, આજ્ઞા મળતાં જ તેઓ પ્રસન્ન ચિત્તે શ્રાવકના ઘરે નીકળી પડ્યા.

તેઓ અડધે રસ્તે પહોંચ્યા હશે ત્યાં તો ભગવાન મહાવીરના નિર્વાણની આકાશવાણી થઈ. એ સાંભળીને ગૌતમ સ્વામીને ખૂબ આઘાત લાગ્યો કે, પ્રભુને ખબર હોવા છતાં એમણે મને અંત સમયે એમનાથી દૂર કર્યો! ભગવાને મારી સાથે આવું કેમ કર્યું? કેમ? કેમ?....

ગૌતમ સ્વામી વિચારે ચડ્યા. વિચારધારા આગળ વધતાં ભગવાન પરથી દૃષ્ટિ હટીને એમના પોતાના પર પડી અને એમની વિચારધારાએ રસ્તો બદલ્યો...'અરેરે ! મારી ભૂલ થઈ ગઈ ! મેં ભગવાન માટે કેવું ખોટું વિચાર્યું ! મને ભગવાન માટે રાગ છે પરંતુ ભગવાન તો વીતરાગ છે. ભગવાનને કોઈ સાથે રાગ દ્વેષ હોય નહીં, ભગવાન તો અત્યંત કરુણાવાળા છે, વીતરાગ છે....'

અને ભગવાનની વીતરાગતા એમની દૃષ્ટિમાં આવવા લાગી. આવરણો ખસતા ગયા. જેવી સંપૂર્ણ વીતરાગતા દૃષ્ટિમાં આવી કે ત્યાં જ એમને પણ કેવળજ્ઞાન પ્રગટ થયું.

ગુરુ જ્યાં સુધી પહોંચેલા હોય ત્યાં સુધી શિષ્યને પહોંચાડી જ દે!

# શ્રીમદ્ રાજચંદ્ર - અંબાલાલભાઈ

એક વખત શ્રીમદ્જીએ અંબાલાલભાઈને આજ્ઞા કરી કે, 'અંબાલાલ, બહારનું આ ફળિયું સ્વચ્છ કરી નાખ.' અંબાલાલભાઈ શ્રીમદ્જીનો આશય સમજી ના શક્યા અને તેથી એમણે નોકરને બોલાવીને કહ્યું કે, 'તુ બહારનું ફળિયું વગેરે બધું જ સ્વચ્છ કરી નાખજે.'

આ સાંભળી શ્રીમદ્જીએ અત્યંત કરુણા સાથે કહ્યું, ''અંબાલાલ, અમને નોકર રાખતાં આવડે છે.''

એ શબ્દો સાંભળી અંબાલાલભાઈ ચેતી ગયા અને આજ્ઞાધીન થઈ ફળિયું જાતે જ સાફ કર્યું. એ ઘડીએ એમને ભૂલ સમજાઈ કે ફક્ત પોતાના હિત માટે જ અપાયેલી સેવા કે આજ્ઞા જાતે ન કરવું અને અન્યને સોંપવું એ કેવી મૂઢતા છે ! એમની આપેલી પ્રત્યેક સેવામાં, આજ્ઞામાં મારું કલ્યાણ જ રહેલું છે, પછી તે ફળિયું સાફ કરવાની પણ કેમ ન હોય, એ એમને નક્કી થયું.

એ દિવસથી એમણે અનુભવ્યું કે શ્રીમદ્જીએ ફળિયું સ્વચ્છ કરાવી વાસ્તવમાં તો એમનું ચિત્ત સ્વચ્છ કરાવ્યું છે.

બીજો એક પ્રસંગ છે. એક વખત શ્રીમદ્જી બોધ આપતા હતા. એમાં એમણે અંબાલાલભાઈને થોડા શબ્દો કહ્યા. તે જ શબ્દો બે-ત્રણ કલાક પછી જ્યારે એમને ફરી પૂછ્યા ત્યારે એમણે કહ્યું, 'મને યાદ નથી.'


શ્રીમદ્જીએ એમને કહ્યું, ''ઊઠ, અહીંથી ચાલ્યો જા. શબ્દો યાદ આવે ત્યારે જ અમારી પાસે આવજે.''

અંબાલાલભાઈ રડતાં રડતાં, ખિન્ન હૃદયે બહાર ચાલ્યા ગયા ને શબ્દો યાદ કરવા લાગ્યા. તેવામાં એક મુમુક્ષુએ શ્રીમદ્જી પાસે આવીને કહ્યું, ''શબ્દો તો યાદ આવશે, એમને અંદર આવવા દો.''

પણ શ્રીમદ્જીએ એ ઉપર ધ્યાન આપ્યું નહીં, પછી સાંજે જ્યારે શબ્દો યાદ આવ્યા ત્યારે એમણે અંબાલાલભાઈને ઉપર આવવા દીધા.

એ દિવસથી જેને બે-ત્રણ કલાક પછી પણ શબ્દો યાદ ન રહેતા એવા અંબાલાલભાઈને આઠ દિવસ પછી પણ શ્રીમદ્જીનો બોધ અક્ષરશઃ લખી શકાય એટલો યાદ રહેવા લાગ્યો.

કેવો હોય છે ગુરુનો પ્રતાપ ! નબળાઈને શક્તિમાં પરિવર્તિત કરી નાખનારું ગુરુનું અદ્ભુત સામર્થ્ય અજોડ છે.



# મીઠી યાદેં

વીસ વર્ષ સુધી નીરુમાનું ઘડતર કરી દાદાશ્રીએ વાત્સલ્યમૂર્તિ નીરુમાની પ્રતિમા સર્જી. જેમ એક મૂર્તિકાર મૂર્તિને ઘડતો હોય, તો સૌ પ્રથમ પથ્થરમાંથી ડોળિયું બનાવે, પછી ધીમે ધીમે મૂર્તિનો આકાર આપે, પછી ફિનિશિંગ કરી મૂર્તિ બનાવે, આંખો, હોઠ, નાક બધું તૈયાર કરે. પછી પોલિશ-પેન્ટિંગ કરી મૂર્તિ બનાવે ને છેવટે જ્યારે પ્રાણપ્રતિષ્ઠા થાય ત્યારે તે મૂર્તિ દર્શન કરવા માટે ભગવાન સમાન બની જાય.

એવી જ રીતે, દાદાશ્રીને નીરુમાની મૂર્તિ ઘડવાનો સ્કોપ મળ્યો હતો. ઘડતરના ભાગરૂપે આવતાં ગમે તેવા ટાંકણા પૂજ્ય નીરુમા ખમી લેતા. દાદાશ્રી પ્રત્યે એમની અર્પણતા, આધીનતા કે વિનયમાં ક્યારેય ફેર પડતો નહીં.

નીરુમાનું માન ઓગાળવા માટે, દાદાશ્રી ઘણી વાર બધાની વચ્ચે એમને ઉતારી પાડતા અને કહેતા, "તમને શું સમજણ પડે છે ? તમને કોણે શીખવાડ્યું ? તમને કોણે દાક્તર બનાવ્યા ?" જ્યારે બધાની વચ્ચે દાદા આવું કહે, ત્યારે નીરુમાને અંદર એવું જ રહે કે દાદા મારું હિત કરી રહ્યા છે.

દાદાશ્રી ગમે તેટલું અપમાન કરે (એટલે કે નીરુમાના 'માન'નું ઓપરેશન કરે) તો પણ નીરુમાએ ક્યારેય દાદાનો એકપણ દોષ જોયો નથી. વીસ વીસ વર્ષો જોડે રહ્યા પણ એક સેકન્ડેય એમને દાદા માટે એક અવળો વિચાર નથી આવ્યો. દાદાશ્રી બીજા કોઈ સાથે પણ જો કડક વ્યવહાર કરતા હોય, ત્યારે પણ નીરુમાને અંદર એવું જ રહે કે દાદા એના હિત માટે જ આવું કરે છે.

નીરુમાની કોઈ ભૂલ થાય તો દાદાનો એક ઈશારો જ કાફી હોય. નીરુમા મૂળમાંથી એ ભૂલ કાઢીને જ જંપે. દાદાશ્રી કહેતા કે બીજી વાર નીરુમાને કોઈ ભૂલ બતાડવી જ ના પડે. ભૂલનું પુનરાવર્તન એમણે ક્યારેય થવા નથી દીધું. એવો એમનો જબરજસ્ત પુરુષાર્થ હતો.

૧૯૮૭માં લોસ એન્જલસ, અમેરિકામાં જેકી નામની બહેન સાથે સત્સંગ થયેલો. જેકીએ પૂછ્યું કે 'દાદા, આ નીરુબેનની સાથે તમારે શું સંબંધ છે ?' ત્યારે દાદાશ્રીએ કહ્યું, 'નીરુબેન એમ.ડી. ડોક્ટર છે અને નિરંતર અમારી સેવામાં છે.





બે આત્મા અને એક દેહ જેવી અભેદતાથી (એકતાથી) તેઓ અમારી સાથે રહે છે.'

દાદાશ્રી પ્રત્યે નીરુમાની એવી અનન્ય ભક્તિ હતી કે, એમના માટે દાદા જ સર્વસ્વ હતા. એમણે પોતાના દેહની ક્યારેય દરકાર નહોતી કરી.

આમ, દાદાશ્રી પ્રત્યેના સમર્પણભાવ અને સિન્સિયારિટિથી નીરુમાએ દાદાશ્રીનો ખૂબ રાજીપો મેળવ્યો અને અસીમ કૃપાપાત્ર થયા અને અંતે અત્માના સ્પટવેદન સુધી પહોંચ્યા.

૧૯૭૫-૭૬ની વાત છે. એક દિવસ દાદાશ્રીએ પૂજ્ય દીપકભાઈને પૂછ્યું, ''હનુમાનજીની છાતી ફાડે, તો એમાં રામ અને સીતાજી દેખાય, તારે મહીં શું દેખાય?''

દીપકભાઈએ કહ્યું, 'નીરુબેન કે મલ્લિનાથ' (દાદાશ્રી ઘણી વાર નીરુમાને મલ્લિનાથ કહી બોલાવતા).

આ સાંભળી દાદા એકદમ રાજી થઈને બોલ્યા, ''એમ! તો એ રહેવા દેજે.''

ત્યાર પછી દાદાશ્રીએ દીપકભાઈને આજ્ઞા આપી હતી કે, તારે ક્યારેય નીરુમાનો એક પણ દોષ નહીં જોવાનો. દાદાશ્રીએ દીપકભાઈને સમજાવતા કહ્યું, ''તું નીરુમાનો એક દોષ જોઈશ, તો એમના થકી જ્ઞાનના જેટલા પગથિયાં ચડ્યો હોઈશને ત્યાંથી ધાડ દઈને નીચે પડી જઈશ.'' અને દાદાશ્રીની આજ્ઞાના પ્રતાપે દીપકભાઈએ નીરુમાનો આખી જિંદગી એક પણ દોષ નહોતો જોયો.

દાદાશ્રીએ સિદ્ધાંત સમજાવતા કહ્યું કે, જે સીડીથી આપણે ચડતા હોઈએ એ જ સીડીને કાપીએ (વગોવીએ), તો કેમનું ઉપર ચડાય?

મિત્રો, આપણા શિક્ષકો આપણી સીડી કહેવાય. એ સીડીને આપણે કાપીએ, એટલે કે એમના દોષ જોઈએ, તો આપણે ઉપર ચડી શકીએ, પ્રગતિ કરી શકીએ?

# ગુરુપૂર્ણિમા

કબીર સાહેબ કહે છે :


ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકે લાગું પાય,
બલિહારી ગુરુ આપકી જીન્હેં ગોવિંદ દિયો બતાય

ગુરુ અને ગોવિંદ બન્ને હોય ત્યારે મનમાં થાય કે કોને પ્રથમ પ્રણામ કરવા ? તો નક્કી માનજો કે ગુરુની જ કૃપા છે કે જેમણે ગોવિંદના (પ્રભુના) દર્શન કરાવ્યા.

પ્રાચીનકાળથી ભારતીય પરંપરામાં ગુરુને સર્વોચ્ચ પદ અપાયું છે અને ભારતીય પરંપરામાં ગુરુ પૂજનનું એક આગવું સ્થાન છે. ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુપૂજન કરવામાં આવે છે.

ગુરુપૂર્ણિમાનો દિવસ ગુરુ અને શિષ્ય માટે વિશેષ મહત્વ ધરાવે છે. પૌરાણિક ઈતિહાસ મુજબ સૌ પ્રથમ મુનિ વેદવ્યાસનું પૂજન નૈમિષારણ્યમાં વસતા શૌનક ઋષિએ કર્યું હતું. તેથી ઈતિહાસમાં અષાઢી પૂર્ણિમા અર્થાત્ 'વ્યાસપૂર્ણિમા'ના દિવસે ભારતમાં ગુરુપૂજન કરવાનો મોટો મહિમા છે.


વર્ષોની સાધના અને ઉપાસના કરવા છતાં શૌનક ઋષિને આત્માની અનુભૂતિ નહોતી થતી. ત્યારે મુનિ વેદવ્યાસે એમને દિવ્ય દૃષ્ટિ આપીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવ્યું. શૌનક ઋષિએ વેદવ્યાસને ગુરુ પદે નિયુક્ત કરી તેમનું ભાવભર્યું પૂજન કર્યું અને આમ ઋષિકાલીન યુગથી ભારતમાં ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે ગુરુપૂજનનો મહિમા છે.



આપણે પણ ગુરુપૂર્ણિમાનો દિવસ દાદાશ્રીની ભક્તિ કરીને ઊજવીએ છીએ. દાદાશ્રી કાયમ કહેતા કે ગુરુપૂર્ણિમા, જન્મજંયતિ ને બેસતું વર્ષ, આ ત્રણ દિવસે અમે અંદરવાળા ભગવાન (દાદા ભગવાન) સાથે અભેદ હોઈએ. સંપૂર્ણ વીતરાગ હોઈએ. તેથી તે દિવસે તમને અમારા પૂર્ણ સ્વરૂપના દર્શન થાય. આપણામાં જે શક્તિઓ ખૂટતી લાગે એ આ દિવસે માંગવાથી અવશ્ય મળે છે.

# મહાપુરુષોના વિચારો... ગુરુ માટે ...





Akram Express

July 2013
Year : 5, Issue : 11
Conti. Issue No.:59

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# સમર વેકેશન દરમ્યાન યોજાયેલા કિડ્સ કેમ્પસની ઝલક






# અક્રમ એક્સપ્રેસના વાચકોને...

બાળમિત્રો,

દર મહિને આપણે મળીએ તો છીએ પણ હું તમને પૂછવાનું ભૂલી જાઉં છું ચાલો, આજે પૂછી લઉં. તો મિત્રો, તમને અક્રમ એક્સપ્રેસ વાંચવાનું ગમે છે ? અક્રમ એક્સપ્રેસ વાંચ્યા પછી તમારા જીવનમાં કેવો ફેરફાર તમે અનુભવો છો ? એ અમને જરૂરથી જણાવજો જેથી અમને તમારા માટે વધુ ને વધુ સારા અંકો બનાવવા માટે પ્રોત્સાહન મળે. તમારા અનુભવો અમને નીચે આપેલા એડ્રેસ અથવા **e-mail id** પર જરૂરથી મોકલાવશો.

*બાળવિજ્ઞાન વિભાગ, ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, મુ.પો.- અડાલજ, જી.-ગાંધીનગર - ૩૮૨૪૨૧,* e-mail:akramexpress@dadabhagwan.org

<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સુચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **#** હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **##** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.